 ગાંધીનગર સમાચાર




### મત દેજો માઈબાપ... ...ચૂંટણી આવી

- ભરત કવિ 'ઊર્મિલ'

ચૂંટણી આવી
મત દેજો માબાપ
પાંચ વરસે

♦♦♦♦♦♦♦♦

અટાણે સેવા
જીતી ચૂંટણી પછી
અલોપ થાશું

♦♦♦♦♦♦♦♦

નાતભાઈ છું
તમારો, રખે દેતા
મત બીજાને

♦♦♦♦♦♦♦♦

મૂક સેવક
છું તમારો, જિતાડો
ચૂંટણીજંગ

♦♦♦♦♦♦♦♦

દૂષણ મારાં
ચિત્ત ના ધરો ચારો
ચૂંટણી લગી

♦♦♦♦♦♦♦♦

માન-મોભો શું
કરવો મારે ? ચાહું
સેવા તમારી

♦♦♦♦♦♦♦♦

સિંડિકેટમાં
ઇંડિકેટમાં, પછી
કેબિનેટમાં

♦♦♦♦♦♦♦♦

પ્રેમ વહાવી
મત થકી તારજો
નૌકા મારી, હોં ?

♦♦♦♦♦♦♦♦

છલકાય છે
લાગણી વિવેક કાં ?
આવી ચૂંટણી !

♦♦♦♦♦♦♦♦

ઝાઝું ન માગું
દેજો બાપલા સહુ
મત મોંઘેરો

# મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આજે આઠ જાહેરસભાઓ સંબોધશે

## કચ્છમાં શાસ્ત્રી મેદાનમાં સભા સાથે શરૂઆત : દહેગામમાં છેલ્લી સભા : મોદીની બીજા તબક્કા માટે પણ તૈયારીઓ

અમદાવાદ, તા. ૧૨

ગુજરાતમાં ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૧૩ ડિસેમ્બરના રોજ ૮ જાહેરસભાઓને સંબોધન કરશે. મોદી નિયમિતરીતે શ્રેણીબદ્ધ જાહેરસભાઓ સંબોધીને ભાજપને જીત અપાવવા આક્રમક બનેલા છે. બીજીબાજુ કોંગ્રેસના વરિષ્ઠનેતાઓ પણ ગુજરાતમાં એન્ટ્રી કરી ચુક્યા છે. આ વખતે મોદી સામે પણ પડકારની સ્થિતિ છે કારણ કે સિમાંકનના કારણે ઘણી બેઠકોનું ચિત્ર બદલાઈ ગયુ છે. જે પરિણામ પર પણ અસર કરી શકે છે. આ જ કારણસર ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી દીધી છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૯.૦૦ કલાકે શાસ્ત્રી મેદાન, આર.ડી. સ્કુલ સામે, મુંદ્રા, કચ્છમાં પ્રથમ જાહેરસભા સંબોધી પોતાનો ઝંઝાવાતી પ્રચાર પ્રારંભ કરશે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી રાત્રે ૮.૦૦ કલાકે નહેરુ ચોકડી, દહેગામ ખાતે અંતિમ સભાને સંબોધન કરશે.

૧૩ ડિસેમ્બરના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રચાર કાર્યક્રમની વિગતોમાં ભાજપાના મીડિયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે મુખ્યમંત્રી મુદ્રા ખાતે જાહેરસભાને સંબોધી સવારે ૧૦.૦૦ કલાકે, રૂડીમાતા મંદિર, વીરાણી રોડ, નખત્રાણા, ૧૨.૦૦ કલાકે નવા બસસ્ટેન્ડ નજીક, દિયોદર ત્રણ રસ્તા ભાભર ખાતે, ૧.૦૦ કલાકે રામી પેટ્રોલ પંપ, હલાલા સરોવર, નેશનલ હાઈવે, સિદ્ધપુર ખાતે જાહેરસભાને સંબોધન કરશે.

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી બપોરે ૨.૦૦ કલાકે બલોલ, તા. બેચરાજી ખાતે, ૪.૪૫ કલાકે સાવલી પેટ્રોલ પંપ સામે, રાત્રે ૬.૦૦ કલાકે અંબાલાલ પાર્ક, ગરબા મેદાન, કારેલી બાગ, વડોદરા ખાતે અને અંતિમ જાહેરસભા નહેરુ ચોકડી દહેગામ ખાતે સંબોધી ગાંધીનગર પરત આવશે.

# કયા મહારથીઓ મેદાનમાં : કેશુભાઈ પટેલના ભાવિનો પણ ફેંસલો થશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાટે આવતીકાલે મતદાન યોજાનાર છે. આના માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કા માટે ૮૪૬ ઉમેદવારોના ભાવિનો ૧.૮૧ કરોડ મતદારો ફેંસલો કરનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, કેશુભાઈ પટેલ વચ્ચે મુખ્યસ્પર્ધા આ વખતની ચૂંટણીમાં છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં કેટલાક મહારથીઓના ભાવિનો પણ ફેંસલો થનાર છે જેમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ સાથે છેડો ફાડી નવી રાજકીય પાર્ટી બનાવનાર કેશુભાઈ પટેલનો સમાવેશ થાય છે. તેઓ વિસાવદરમાંથી ચૂંટણી મેદાનમાં છે. અન્ય મહારથીઓ કોણ કોણ છે તે નીચે મુજબ છે.

| મહારથી | ક્યાથી મેદાનમાં |
|---|---|
| કેશુભાઈ પટેલ | વિસાવદર |
| શક્તિસિંહ ગોહિલ | ભાવનગર ગ્રામ્ય |
| કુવરજી બાવળિયા | બોટાદ |
| વિઠ્ઠલભાઈ રાધડિયા | ધોરાજી |
| સોમાભાઈ પટેલ | લિમડી |
| વજુભાઈ વાળા | રાજકોટ-પશ્ચિમ |
| પુરુષોત્તમ સોલંકી | ભાવનગર ગ્રામ્ય |
| દિલીપ સાંઘાણી | અમરેલી |
| કિરીટસિંહ રાણા | લિમડી |
| વસુબેન ત્રિવેદી | જામનગર-દક્ષિણ |
| મોહન કુંડારિયા | ટંકારા |
| કનુભાઈ ભાલાળા | વિસાવદર |
| અર્જુન મોઢવાડિયા | પોરબંદર |
| આરસી ફળદુ | જામનગર ગ્રામ્ય |
| હરિભાઈ પટેલ | ધોરાજી |
| ગણપત વસાવા | માંગરોળ |
| રણજીત ગિરિટવાલા | સુરત-પૂર્વ |
| નરોત્તમ પટેલ | ઉંધના |

# હવે તો ચૂંટણી પ્રચારમાં પણ પ્રોફેશનાલિઝમ જોવા મળે છે


- આ વખતની ચૂંટણીમાં ઊડીને આંખે વળગે એવી કોઈ બાબત હોય તો એ છે પ્રોફેશનાલિઝમ. ચૂંટણી પ્રચારમાં એનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે. વાત પ્રિન્ટ મિડીયા અથવા ઈલેક્ટ્રોનિક્સ મિડીયા માટે જાહેરખબર તૈયાર કરવાની હોય, પક્ષના પ્રચાર માટે ચૂંટણી ગીતો તૈયાર કરવાની હોય કે પછી ચૂંટણીની સભાઓ સુધી મતદારોને આકર્ષવાના હોય - પ્રોફેશનાલિઝમ બધે જ દેખાય છે.
- મતદારોને સરળતાથી આકર્ષી શકાય એ માટે ફિલ્મ-ટીવીના કલાકારોને બોલાવવાનો ચાલ જુનો છે, એનાથી મતદારોના ચોક્કસ વર્ગને આકર્ષી શકાય છે એ વાત પણ સાચી. ખાસ કરીને યુવા વર્ગ અને મહિલા વર્ગ આ સ્ટાર્સથી આકર્ષાય છે અને એમના સુધી વાત સરળતાથી પહોંચાડી શકાય છે. જાણવા જેવી વાત એ છે કે આવા સ્ટાર્સને પ્રચાર માટે લાખો રૂપિયાના પેકેજ આપવામાં આવે છે. ફાઈવસ્ટાર ફેસિલીટી અને વાહન જેવી અન્ય સુવિધાઓ તો ખરી જ ! આવા સ્ટાર્સનાં ભાષણ તૈયાર કરવા માટે પણ પ્રોફેશનલ માણસોને રોકવામાં આવે છે. આવા વ્યાવસાયી માણસો નેતાઓનાં ભાષણો પણ તૈયાર કરી આપે છે, જેનાથી દરેક નેતા સારા વક્તા પણ દેખાય છે - હકીકતે એવું હોતું નથી.
- સામાન્ય રીતે ચૂંટણીના વાતાવરણમાં, પ્રચારમાં ને સભાઓનાં સ્થળે જાણીતા ફિલ્મી ગીતો વગાડવાનો ચાલ હતો, જે આ વખતની ચૂંટણીમાં ઓછો દેખાય છે. જાણીતા પક્ષોએ હવે તો પોતાનાં ખાસ ગીતો તૈયાર કરાવ્યાં છે. એ જ ગીતો પ્રચારમાં ને સભાઓનાં સ્થળોએ વાગે છે.
- અગાઉ એવું હતું કે સત્તાધારી પક્ષો અને સક્ષમ ઉમેદવારો અમુક-તમુક જ્ઞાતિ કે સમાજનાં મંડળો અથવા જૂથોને ચૂંટણી પ્રચાર અર્થે મળવા જતા અને એમને પોતાની તરફ વાળવાનો પ્રયાસ કરતા. હવે વાત જૂદી છે. હવે તો આવા જ્ઞાતિ કે સમાજના વડીલો પોતે જ એટલા જાગૃત થઈ ગયા છે કે ચૂંટણી અગાઉ એમણે પોતાની રણનીતિ તૈયાર કરી જ રાખી છે. ઉમેદવારની સાથે તેઓ સામે ચાલીને બેઠકો ગોઠવે છે અને પોતાની શરતો નક્કી કરે છે. મતદારો જાગૃત થયા કે નહીં એની ખબર નહીં, પણ અગ્રણીઓ તો જાગૃત હતા જ અને એવા જ આજે પણ દેખાય પણ છે !
- અને હા, સૌથી અગત્યની વાત એ કે ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાઓ અગાઉનાં વર્ષોમાં ભરાતી ત્યારે જનતા જનાર્દનને બેસવા માટે ખુરશીઓ આપવામાં નહોતી આવતી. આગળના ભાગે ગાદીઓ, પછી પાથરણાં અને પછી પાછળના ભાગે તો જમીન પર જ પ્રેક્ષકોને બેઠકો મેળવવી પડતી હતી. એ ચાલ હવે બદલાયો છે, હવે તો લગભગ દરેક સભામાં પ્રેક્ષકો માટે ખુરશીઓ જોવા મળે છે. આમ કરવા પાછળનો આશય એ કે ખુરશીને કારણે જગ્યા રોકાતાં સંખ્યા વધુ લાગે છે, સભાનો વ્યાપ મોટો દેખાય છે અને પક્ષ કે ઉમેદવારને પોતાના મોટા કદનો સંતોષ મળે છે. અલબત્ત, આનાથી પ્રેક્ષકોને બેસવાની (લાંબો સમય બેસવાની!) સગવડતા થઈ ગઈ છે અને એમને સભામાં સારું સ્થાન મળ્યાની લાગણી પણ થાય છે ! જય બોલો ચૂંટણી મૈયાની !

# ઉત્તર ગુજરાતમાં વજન કોનું ? : મોદી કે બાપુનું ?

## આ ઉપરાંત અહીં ઠાકોર, પટેલ, ચૌધરી અને રબારી જેવી જ્ઞાતિઓની અસ્મિતાની કસોટી થશે

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લો એટલે મોટો ભા. એની તાસીર જ જુદી. બનાસકાંઠો બાજુએ રહી જાય, એક તરફ કચ્છને અડકે, બીજી તરફ રાજસ્થાનમાં ઓગળી જતો લાગે. જાણે સાવ છેવાડાનો મહોલ્લો. સાબરકાંઠો નાના રજવાડાં અને તાલુકદારોની જોહુકમી હેઠળ જીવતી ભલી ભોળી શ્રમિક પ્રજાનો પ્રદેશ. સૌને સ્વીકારે. એથીસ્તો એને મજાકમાં બધા 'સોબરકાંઠા' કહેતા રહ્યા છે. મહેસાણામાં ગાયકવાડી શાસન હતું. ફરજિયાત શિક્ષણ, ગામેગામ પુસ્તકાલય. યથા રાજા તથા પ્રજા. સયાજીરાવ ગાયકવાડના સુશાસન હેઠળ મહેસાણા જિલ્લાની પ્રજાએ 'લિટરલી' રામ રાજ્ય જોયું હોઈ અહીંની પ્રજાને આઝાદી પૂર્વે જ આઝાદી મળી ગઈ હતી. મહેસાણા જિલ્લાના આગેવાનોમાં ધરતીના સંસ્કાર જોવા મળે. કયારેક પાટણ અને ગાંધીનગર જિલ્લાના ઘણા બધા વિસ્તારો મહેસાણા જિલ્લાના જ વિસ્તારો હતા. આમ ગુજરાતની સૌથી જૂની રાજધાની વડનગરથી લઈ સોલંકી અને ચાવડા રાજવંશનું પાટણ અને વર્તમાન ગુજરાતની રાજધાની ગાંધીનગર ત્રણેય મૂળ મહેસાણા જિલ્લાનાં નગર ગણાય.

આઝાદીની અહાલેક જગાડનારા મહાત્મા ગાંધીને ચરખો(રેંટિયો) વિજાપુરનાં એક માડી પાસેથી મળ્યો હતો. પછી તો એ આઝાદીની ચળવળનું પ્રતીક જ બની ગયો. આઝાદી પછીના તરતના સમયમાં મહેસાણા જિલ્લાને સાંકળચંદ પટેલ, પુરષોત્તમ પટેલ(દાસકાકા) અને માનસિંહ પૃથ્વીરાજ પટેલ(ચૌધરી) જેવા આખાબોલા આગેવાનો સાંપડ્યા હતા. એ બધા



ગાંધીવિચારને નખશીખ વરેલા ખેડૂત અગ્રણીઓ હતા. એમની સાથે ભદ્રવર્ગના વિજયકુમાર ત્રિવેદી, ગંગારામ રાવળ અને રિખવદાસ શાહ જેવા લોકનિષ્ઠ આગેવાનો પણ રાજકારણમાં હતા. સર્વોદય પ્રવૃત્તિના પ્રણેતા ડૉ. દ્વારકાદાસ જોશીનો જન સાધારણ પર ભારે પ્રભાવ હતો. તે વખતે ચૂંટણી લડવા માટે સામે પક્ષે કોઈ હતું જ નહીં. એમ કહો તો ચાલે. 'બે બળદની જોડી, જેને કોઈ શકે ના તોડી' વાળું સૂત્ર ચાલતું હતું. બે બળદની જોડીએ કોગ્રેંસનું મૂળ ચૂંટણી નિશાન હતું. ૧૯૫૭માં મહાગુજરાત જનતા પરિષદની ચળવળ હેઠળ કૂકડાનું નિશાન લઈને ઈંદુલાલ યાજ્ઞિક કોગ્રેંસની સામે પડ્યા ત્યારે પહેલી વાર કોગ્રેંસને પ્રજાકીય વિરોધનો પરચો મળ્યો. એ પછી સ્વતંત્ર પક્ષ સાથે કોગ્રેંસની મુઠભેડ થઈ. દાસકાકા અને કાંતિલાલ યાજ્ઞિક જેવા આગેવાનોએ સારી એવી ટક્કર પણ આપી. 'મુકત વેપાર'એ સ્વતંત્ર પક્ષનું ચૂંટણી સૂત્ર હતું અને નિશાન હતું તારો. પરંતુ દેશમાં રાજાજી (ચક્રવર્તી રાજગોપાલચારી) અને ગુજરાતમાં ભાઈકાકાના નેતૃત્વ હેઠળ શરૂ થયેલો આ પક્ષ રાજા રજવાડાં અને મોટા ખેડૂતો તથા ઉદ્યોગપતિઓના જમણેરી વિચારધારા ધરાવતા પક્ષ તરીકે ગાંધીવિચારને વરેલી કોગ્રેંસ સામે ઝીંક ઝીલી શક્યો નહીં. અલબત્ત, ગુજરાતમાં એણે સારું એવું કાઠું કાઢ્યું હતું અને ભાઈકાકાએ વિરોધપક્ષના નેતા તરીકે યાદગાર કામગીરી બજાવી હતી. ઉત્તર ગુજરાતમાં પુરષોત્તમદાસ પટેલ (દાસકાકા) અને આર.કે. અમીન મોટા નેતા તરીકે ઊપસી આવ્યા હતા. વડનગરના સર્વોદય વિચારસરણીને વરેલા ડૉ. વસંત પરીખ સ્વતંત્ર પક્ષના ઉમેદવાર મણાજી ઠાકોરને હરાવીને વિધાનસભામાં પ્રવેશ્યા હતા. મહેસાણા જિલ્લાની પ્રજા આવનારાં વર્ષો સુધી જે સંનિષ્ઠ લોકનેતાઓના નામે ગૌરવ લઈ સકે એવાં થોડાંક નામોમાં ડૉ. વસંત પરીખનો ઉલ્લેખ કરવો જ પડે. જિલ્લામાં પહેલ પ્રથમ જનસંઘનો દીવો પ્રગટાવનાર ભગવાનદાસ મામા ચાણસ્મા મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા. તે સમયે જિલ્લામાં કોગ્રેંસના આગેવાનોની બોલબાલા હતી.

### ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

માનસિંહ પૃથ્વીરાજ પટેલ, ગંગારામ રાવળ અને વિજયકુમાર ત્રિવેદી કોગ્રેંસી નેતાઓની ત્રિપુટી તરીકે ઊપસી આવ્યા હતા. તો કડવા પાટીદારોનું નેતૃત્વ કડીના દાસકાકા અને વિસનગરના સાંકળચંદ પટેલ સંભાળતા હતા. મહેસાણામાં તે સમયે છેક છેવાડા ખેરાલુ મતવિસ્તારમાં શંકરજી ઓખાજી ઠાકોરનું નાનકડું રજવાડું અસ્તિત્વમાં આવી ગયું હતું. ઠાકોર સમાજમાં નેતૃત્વનો પાયો નાખનાર શંકરજી ઠાકોર સાચા લોકનેતા હતા. એમને કોગ્રેંસે અવગણ્યા ત્યારે તેઓ અપક્ષ ઉમેદવારી કરીને પણ એમના જ્ઞાતિબળના જોરે ચૂંટાઈ આવ્યા હતા. છેલ્લી વયે ચીમનભાઈ પટેલ એમની શક્તિની કદર કરીને એમને જનતા દળની ટિકિટ આપી હતી. ચીમનભાઈના વિશ્વાસુ સાથી તરીકે તેઓને એમના મંત્રીમંડળમાં કૃષિ મંત્રીની જવાબદારી સોંપાઈ હતી. ચીમનભાઈ પોતે ઊંઝામાંથી ચૂંટાતા હતા. માધવસિંહ સોલંકીની 'ખામ' રાજનીતિ વિરૂદ્ધ મહેસાણાની પાટીદાર પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને અપનાવી ત્યારથી જિલ્લો ભાજપનો ગઢ ગણાતો રહ્યો છે. આટલી પ્રસ્તાવના પછી મહેસાણા જિલ્લાની પ્રવર્તમાન તાસીર સમજવામાં સરળતા રહેશે. મહેસાણા જિલ્લાને 'રાજકારણની પ્રયોગશાળા' કહેવામાં આવે છે, તે અમથું નહીં જ.

આખા દેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપને ફક્ત બે જ બેઠકો મળેલી ત્યારે તે પૈકીની એક મહેસાણાએ આપી હતી. ઈંદિરા મોજું પણ મહેસાણાને ઝુકાવી શક્યું નહોતું ! અટલ બિહારી વાજપેયી પોતે માધવરાવ સિંધિયા સામે હારી ગયા હતા ત્યારે મહેસાણાની બેઠક પર ડૉ. એ કે પટેલ એમનો ભગવો ફરકાવી અણનમ રહ્યા હતા.

આ વખતની ચૂંટણી મહેસાણા-સંદર્ભ ધરાવતા બે મહારથીઓ વચ્ચેનો જંગ છે. શંકરસિંહ વાઘેલા મૂળે મહેસાણા ગોત્રના રાજપૂત. અત્યારે એ ભલે કપડવંજમાંથી ચૂંટણી લડી રહ્યા હોય પણ જિલ્લાની બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને એમના નામ અને કામની હૂંફ અકબંધ છે. નરેન્દ્ર મોદીએ છેલ્લા દોઢ દાયકા દરમિયાન ઉપસેલું ખમીરવંતું નેતૃત્વ છે. વડનગરના વતની હોઈ જિલ્લાની પ્રજાને એ પોતીકા લાગે એ સ્વાભાવિક છે. પરંતુ શંકરસિંહ વાઘેલા કે નરેન્દ્ર મોદી કરતાં મહેસાણા જિલ્લામાં વધુ શક્તિશાળી ફૅક્ટર છે 'જ્ઞાતિ'. પાટીદારોની વસતિ પણ છે અને એ મુજબ એમનો દબદબો પણ છે. સાંકળચંદ પટેલ જેવા અઠંગ ગાંધીવાદીથી લઈ આજના સગવડિયા આગેવાનો સુધી 'પી ફોર પી'વાળી ફૉર્મ્યુલા કારગત નીવડી છે. કડવા પાટીદારોએ ઊંઝામાં ઉમિયા માતા સંસ્થાન મારફત એમની શક્તિનું પ્રદર્શન કરીને નેતાઓને પોતાની તાકાતનો પરચો બતાવી દીધેલો હોઈ નરેન્દ્ર મોદી પણ એમને છંછેડવાની હિંમત નથી કરી શક્યા. ઊંઝામાં આખાબોલા નારાયણ લલ્લુને ધરાર રિપીટ કરવા પડ્યા છે. મહેસાણાની 'પટેલ બેઠક' પર ચૂંટાયેલા પૂર્વમંત્રી



અનિલભાઈ પટેલને સમજાવી-પટાવીને એ બેઠક મોદી મંત્રીમંડળના દબંગ પાટીદાર અગ્રણી નીતિન પટેલને ફાળવાઈ છે. નીતિન પટેલની મૂળ બેઠક કડી નવા સીમાંકન મુજબ અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અનામત બની જતાં એમને બેઠક બદલવી પડી છે. અલબત્ત, આ બેઠક પર કોંગ્રેસે વરિષ્ટ સહકારી આગેવાન નટવર પીતાંબરને ઉતારીને ભાજપને ભયભીત કરી મૂક્યો છે. પસંદગી બે પટેલો વચ્ચે જ કરવાની હોય તો નીતિન પટેલ આ બેઠક માટે 'બહારના' ગણાય. વળી પટેલોની વિરુદ્ધ રહેવા ટેવાયેલા ઠાકોરો, ચૌધરીઓ અને રબારીઓનો ટેકો પણ કોંગ્રેસના વયોવૃદ્ધ નેતાને મળવાની સંભાવના હોઈ આ બેઠક ઘણી રસાકસીવાળી બની રહેશે. ભાજપ આ બેઠક જીતશે તો એ મોદીની જીત લેખાશે અને હારશે તો એ ગુનો નીતિન પટેલના ખાતે મંડાશે. હાલનું વાતાવરણ જોતાં કોંગ્રેસનું પલ્લું ભારે લાગે છે. પાટીદારોમાં આગવી રાજકીય સૂઝ છે. તેથી નારાયણ લલ્લુ થોડા આકરા લાગતા હોય તો પણ એમની તરફેણ કરશે અને ડૉ. એ. કે પટેલ ભાજપ સાથે છેડો ફાડીને પરિવર્તન પાર્ટી સાથે ભલે મોદીને હરાવવાની હાકલ કરતા હોય તો પણ એમના લઘુબંધુ ડૉ. અતુલ પટેલને કલોલ બેઠક પર ભાજપની ટિકિટ મળી હોઈ પટેલો મહદંશે ભાજપની જ તરફદારી કરશે. ભાજપ એમના લોહીમાં ભળી ગયેલો પક્ષ છે, તે ન ભૂલવું જોઈએ. ઠાકોર સમાજ પાટીદાર સમાજ જેટલો સંગઠિત નથી, સમૃદ્ધ પણ નથી. તેથી જૂના મહેસાણા જિલ્લામાં પાટીદારોને હંફાવી શકે એવી તાકાત હજી સુધી એ કેળવી શક્યો નથી. કલોલ ટેકનીકલી ભલે ગાંધીનગર જિલ્લામાં ગણાતું હોય પણ એનું ગોત્ર મહેસાણાનું જ ગણાય. કડી બેઠક પર ક્યારેક નીતિન પટેલને હરાવી દેનારા બળદેવજી ઠાકોરે એમની રાજકીય વગના બળ પર કલોલની બેઠક માટે ટિકિટ તો મેળવી લીધી પણ તાલુકા કોંગ્રેસના પ્રમુખ ગમાજી ઠાકોરે એમની સામે બળવો પોકારતાં એ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર વગેરે મોટા ગજાના કોંગ્રેસી નેતાઓ ઉપરાંત મોટી ભોંયણ ખાતે ઠાકોર સમાજના લોકપ્રિય સંત દોલતરામ પણ બળદેવજી ઠાકોરનું ગાડું પાટે ચડાવવા મથી રહ્યા છે, પરંતુ કલોલ શહેર અને તાલુકામાં વર્ષોથી ધુણી ધખાવીને બેઠેલા ડૉ. અતુલ પટેલનો ઘોડો અત્યારે વીનમાં લાગે છે. ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીના મોજા સામે સુરેશ પટેલ કલોલની બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયા હતા, તેમને બળદેવજી ઠાકોરની હઠને કારણે બેઠક બદલવી પડી છે, એનો પણ પાટીદાર સમાજમાં રોષ વરતાતો હોય એમ લાગે છે. (ક્રમશઃ)